ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૨.૩ ડીગ્રી
લઘુતમ : ૧૯.૪ ડીગ્રી
ભેજ
સવારે ૩૮ ટકા ● સાંજે ૧૯ ટકા

# મોંઘવારીનો માર : ફળોનો જયુસ મોંઘો થયો

## ૩૦ રૂપિયાનો ભાવવધારો જયુસના વેપારીઓ દ્વારા કરવામાં આવ્યો : રોગપ્રતિકારક શકિત વધારવા ફળો મોંઘા થતાં જયુસનો ભાવ પણ વધ્યો

ગાંધીનગર, તા.૪

શહેરમાં ઉનાળાની ગરમીનો પારો વધતાં ઠંડાં પીણાંની માંગમાં વધારો થયો છે. આ સાથે શહેરીજનો ઉનાળાની ઋતુમાં પોતાના સ્વાસ્થ્યની સારસંભાળ રાખવા ફળોના જયુસનું સેવન કરી રહ્યા છે. આમ, તો દરેક ઋતુમાં જયુસનું સેવન હિતાવહ ગણાય છે. પરંતુ ઉનાળામાં ફળોનો જયુસ સૌથી વધુ ફાયદાકારક રહે છે. પરંતુ પેટ્રોલ-ડિઝલના ભાવ વધારા સાથે દરેક ખાણીપીણીમાં ભાવવધ્યા હોવાથી ફળોનો ભાવ પણ વધી જવા પામ્યો છે. જેમાં જયુસવાળા વેપારીઓ દ્વારા પણ ૨૦થી ૩૦ રૂપિયાનો ભાવવધારો કરવામાં આવ્યો છે.

શહેરીજનો માટે હવે જયુસ પીવું પણ વધારે મોંઘું બન્યું છે. ઉનાળામાં નારંગી, પાઈનેપલ, દાડમ, ચીકુ, સફરજનના જયુસ ઉપરાંત ઉનાળુ ફળ કેરીનો રસ વધારે આરોગવામાં આવે છે. આ સાથે નારિયેળ પાણી પણ ઉનાળામાં ડિમાન્ડમાં હોય છે. આ તમામનો ભાવ વધી જવા પામ્યો છે.



શહેરીજનો માર્કેટમાં શાકભાજી-ફળોની ખરીદી કરવામાં પાછીપાની કરતા નજરે પડે છે. દરેક ચીજ વસ્તુઓમાં ભાવવધારો નોંધાતા ગૃહિણીઓના બજેટ ખોરવાઈ ગયા છે.

ગાંધીનગરમાં દરેક માર્ગો ઉપર જયુસવાળા વેપારીઓ ઉભા હોય છે. ઉનાળા દરમિયાન ચા અને ગરમ નાસ્તાને રીપ્લેસ કરીને શહેરીજનો આ ફળોનો જયુસ પીવાનું વધારે પસંદ કરતા હોય છે. પરંતુ તેમાં પણ ભાવવધારો થતાં શહેરીજનોને જયુસ પીવું પણ મોંઘું બની ગયું છે. ફળોના જયુસનો ભાવ ૫૦ રૂપિયાથી હવે ૮૦ રૂપિયા થઈ ગયો છે તેથી શહેરીજનો ફુલગ્લાસની જગ્યાએ અડધો ગ્લાસ જયુસ પીવાનું પસંદ કરી રહ્યા છે.

બહારના જયુસ કરતા ગૃહિણીઓ પોતાના પરિવારજનો માટે જાતે જ ઘરે ફળોની ખરીદી કરીને જયુસરનો ઉપયોગ કરીને જયુસ બનાવતી હતી પરંતુ પરિસ્થિતિ બદલાતા ફળોની ખરીદી કરવી પણ મોંઘીદાટ થઈ ગઈ છે. હવે પેટ્રોલ-ડિઝલના ભાવ વધવાથી રસોડાની ખાનપાનની ચીજવસ્તુઓ પણ મોંઘીદાટ થઈ ગઈ છે. મોંઘવારીના કારણે માર્કેટમાં પણ ગ્રાહકોની સંખ્યા ઓછી થઈ ગઈ છે. વેપારીઓને પણ મોંઘવારીની અસર થઈ રહી છે. માર્કેટમાં મંદીનો માહોલ ચાલી રહ્યો છે. માલ તો ઉપલબ્ધ હોય છે પરંતુ ગ્રાહકો આવતા ન હોવાનું વેપારીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## નર્મદા કેનાલ આસપાસ ભાજપ વોર્ડ નં.૧૧ દ્વારા સ્વચ્છતા અભિયાન





ગાંધીનગર, તા.૪

નર્મદા માતા એ આપણા ગુજરાતની જીવાદોરી છે. નર્મદાના નીર દૂષિત ન થાય અને સ્વચ્છ રહે એ આપણા સૌની સહિયારી જવાબદારી છે. આ જવાબદારીના ભાગરૂપે નર્મદા કેનાલ ઉપર ઝૂંડાલ-અડાલજ બ્રિજ પર રહેલ કચરાના ઢગલા(કે જેમાં પૂજાની સામગ્રી, સૂકા નાળિયેર, કોડિયા, ફૂલો, ફૂલોના હાર, માળાઓ, માતાજી-ભગવાનના ફોટાઓ, ચૂંદડીઓ, પ્લાસ્ટિકની થેલીઓ, લાકડા તથા આરસપાણના મંદિરો જેવી સામગ્રીનો સમાવેશ થાય છે) ધ્યાનમાં આવેલ હતા. જેને દૂર કરવા માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છતા અભિયાન અંતગર્ત ભારતીય જનતા પાર્ટીના વોર્ડ નંબર-૧૧ના નગરસેવકો, હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ સાથે સફાઈ કરી નર્મદા કેનાલના પાણીને દૂષિત થતું અટકાવવા માટે એક નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. લગભગ અડધો કિલોમીટર લાંબા બ્રિજને બન્ને બાજુથી એક ટ્રેક્ટર-ટ્રોલી ભરીને કચરો એકત્ર કરી આ પૂલને સ્વચ્છ કરવામાં આવ્યો હતો.

આ સફાઈ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટે. કમિટીના ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ, વાસુભાઈ પટેલ, તેજસભાઈ આચાર્ય, મેહુલભાઈ પટેલ, ભવાનસિંહ વાઘેલા, ભરતભાઈ ભરવાડ, ડાહ્યાલાલ શ્રીમાળી, પદ્મકાંતભાઈ પટેલ, સંજયભાઈ વાણિયા, અમૃતભાઈ સોલંકી, બ્રિજેશભાઈ વાઘેલા, રસિકભાઈ પરમાર, કૌશલભાઈ પટેલ, કપિલભાઈ પરમાર, જીગરભાઈ આસોડિયા, કનુભાઈ પરમાર સહિત કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

## સાહિત્યસભા દ્વારા 'રામ નામ સત્' દ્વિખંડીય પુસ્તક વિમોચનનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા રવિવારે સાંજે સિટી પલ્સ ખાતે આવેલા નંદન મહેતા ઓડિટોરિયમ ખાતે 'રામ નામ સત્' દ્વિખંડીય પુસ્તક વિમોચનનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. ગાંધીનગરના નિવૃત્ત આઈએએસ અધિકારી અને હિન્દી સાહિત્યના જાણીતા કવિ વિજય રંચનના 'રામ નામ સત્' દ્વિખંડીય હિન્દી કાવ્યસંગ્રહ વિમોચનનો કાર્યક્રમ સાહિત્ય પ્રેમીઓ વચ્ચે આયોજિત કરવામાં આવ્યો.

કાર્યક્રમની શરૂઆત ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ શ્રી સંજય થોરાતના સ્વાગત પ્રવચનથી કરવામાં આવી હતી. 'ગાંધીનગર સાહિત્યસભા દ્વારા સળંગ ચોથા મહિને પુસ્તક વિમોચનનો કાર્યક્રમ કરવામાં આવ્યો છે જેમાં કુલ નવ પુસ્તકોનો સમાવેશ થાય છે એવું એમણે જણાવ્યું હતું.' મંચ પર ઉપસ્થિત કાર્યક્રમના અધ્યક્ષ વિદુષી મંજુ મહેતા, અતિથિ વિશેષ તરીકે ડૉ. કેશુભાઈ દેસાઈ અને ડૉ. સંજીવકુમાર દુબે અને ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતનું પુષ્પ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.




કવિ વિજય રંચનનો વિગતવાર પરિચય શ્રી પ્રવીણભાઈ ગઢવી દ્વારા આપવામાં આવ્યો હતો. 'રામ નામ સત્' પુસ્તકના પ્રથમ ખંડ વિશે શ્રી ઈશ્વરસિંહ ચૌહાણ જયારે દ્વિતિય ખંડ વિશે વાર્તાકાર શ્રી કલ્પેશ પટેલે વાત કરી હતી.

હિન્દી સાહિત્યમાં સિનેમા વિશે પુસ્તકો લખનાર અને કાવ્ય સંગ્રહ આપનાર કવિ વિજય રંચનના દ્વિખંડીય પુસ્તક 'રામ નામ સત્'નું વિમોચન ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. વિજય રંચનને એમની કેફિયત દરમિયાન એક કવિતાનું પઠન પણ કર્યું હતું.

કાર્યક્રમના અતિથિ વિશેષ ડો. સંજીવકુમાર દુબે એમની આગવી શૈલીમાં પુસ્તક વિશે વાત કરી હતી જયારે અન્ય અતિથિ વિશેષ ડો. કેશુભાઈ દેસાઈએ વિજય રંચનના કાવ્ય સંગ્રહ વિશે વિગતવાર વાત કરી અને એમની તેમજ પોતાની કવિતાનું પઠન કર્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ શ્રીમતી વિદુષી મંજુ મહેતાએ ખૂબ જ સંક્ષિપ્તમાં વાત કરી કવિ વિજય રંચનને એમના કાવ્ય સંગ્રહ માટે શુભકામનાઓ પાઠવી હતી.

કાર્યક્રમનું સંચાલન કવિ શ્રી રમણભાઈ વાઘેલાએ કર્યું હતું અને સંચાલન દરમિયાન એમણે કવિની એક રચના પ્રસ્તુત કરી હતી જયારે ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે પણ એક કવિતાનું પઠન કર્યું હતું. આ કાર્યક્રમમાં કવિ કિશોર જિકાદરા, નટુભાઈ પરમાર, પ્રજ્ઞાબહેન પટેલ, પ્રવીણ શ્રીમાળી, નિલેશ થાનકી સહિત અનેક સાહિત્ય પ્રેમીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ શ્રી રમણભાઈ વાઘેલાએ કરી હતી.

## જય જય હાટકેશ ફિલ્મના શૂટિંગ માટે ગાંધીનગરની પસંદગી



ગાંધીનગર, તા.૪

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું બાળપણ જ્યાં વીતેલું છે તે વડનગરના હાટકેશ્વર મહાદેવ જ્યાં નરેન્દ્રભાઈ મોદી બાળપણમાં નગારું આરતી સમયે વગાડતા હતા તે વાર્તા ઉપર આધારિત નાગરલક્ષી ફિલ્મ 'જય જય હાટકેશ' ના કેટલાક અંશો કંડારવા નિર્માતા નીરજ ભટ્ટે ગાંધીનગર ની પસંદગી કરી શૂટિંગ કર્યું હતું. જેમાં ખ્યાતનામ ફિલ્મી કલાકરોને જોવા લોક ટોળા ઉમટ્યા હતા. ગુજરાતના મુખ્યપ્રધાન ભુપેન્દ્રભાઈ પટેલ એ ફિલ્મ કાર્યની પ્રશંશા કરી હતી.

## ગાંધીનગર જિલ્લા દલિતસેના દ્વારા ડૉ.બાબા સાહેબ આંબેડકર હૉલ ગાંધીનગર ખાતે મહત્વની બેઠક યોજાઈ



ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લા જિલ્લા દલિતસેના દ્વારા આંબેડકરભવન સેકટર-૧૨ ગાંધીનગર ખાતે એક મહત્વની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કોરોના મહામારીમાં જે પદાધિકારીઓ અને સ્વજનો અવસાન પામ્યા તેઓના આત્માને શાંતિ મળે તે માટે બે મિનિટનું મૌન સૌએ પાળી શ્રદ્ધાંજલી અર્પિત કરી હતી.

આ કાર્યક્રમમાં અશોક ઘેલા પ્રદેશ પ્રમુખ, એન.એલ. પરમાર સામાજિક ન્યાય સમિતિ પૂર્વ ચેરમેન તેમજ નજરુદ્દીન શેખ, કરસનભાઈ પરમાર, બાબુભાઈ મેસરવાલા અને ભીખાભાઈ મકવાણા એ પ્રસંગને અનુરૂપ વકતવ્યો આપ્યા હતા. બાબુભાઈ મેસરવાલાએ તેમના પ્રવચનમાં ડો.બાબાસાહેબ આંબેકરના વિચારો રજુ કરી ગુજરાતમાં દલિતોના પ્રશ્નોને વાચા આપવા ગુજરાત ના તમામ જિલ્લાઓમાં બેઠકો યોજી સંગઠન મજબૂત કરવા આહવાન કર્યુ હતું તેમજ ગુ.પ્રદેશ પ્રમુખ અશોકભાઈ ઘેલાએ ગુજરાતમાં દલિતો ઉપર થયેલ અત્યાચાર સમયે તેમને ન્યાય મળે તે માટે તેમને ભજવેલ ભૂમિકા અને ગુજરાતમા સંગઠનને મજબુત કરવા દરેક જિલ્લામાં ઉપસ્થિત રહેવા જણાવ્યુ હતુ. આ બેઠકમાં ડૉ. ગુલાબચંદ પટેલ પ્રમુખ ગાંધીનગર દ્વારા દલિત સેના વિષે અને તેના ઉદેશો અંગે સૌને જાણકારી આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન તંત્રી બાબુભાઈ મેસરવાલા દ્વારા કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

## આજે સેકટર-૪-ડીમાં આનંદનો ગરબો

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા મંગળવારે બપોરે ૨થીપ કલાકે આનંદના ગરબાનું આયોજન સે-૪ ખાતે કરવામાં આવ્યું છે. જે પ્લોટ નં. ૧૩૫૪/૧, સે-૪ડી, બ્યુટી પાર્લર ખાતે અલ્પાબેનના નિવાસસ્થાને આનંદનો ગરબો યોજાશે. સૌ ભાવિભકતોએ પધારવા ભાવ ભર્યું આમંત્રણ પાઠવ્યું હતું.

## ખેલ મહાકુંભમાં જિલ્લા કક્ષાની સ્કેટિંગ સ્પર્ધામાં ભાર્ગવ સ્કેટિંગ ટીમ વિજેતા



ગાંધીનગર, તા.૪

ખેલ મહાકુંભની જિલ્લા કક્ષાની સ્કેટિંગ સ્પર્ધામાં ભાર્ગવ સ્કેટિંગ ટીમના ખેલાડીએ મેદાન માર્યું હતું. ગાંધીનગરની ભાર્ગવ સ્કેટિંગ ટીમ દ્વારા સ્કેટિંગ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને શાળાનું તથા કુટુંબનું નામ પણ રોશન કર્યું છે. આ સ્કેટિંગ સ્પર્ધામાં પ્રત્યુશા પ્રથમ ક્રમે, શ્રેય અને અંશ દ્વિતીય ક્રમે, યુગ અને જૈત્રા તૃતીય ક્રમે વિજેતા થયા હતા. આ બધા જ ખેલાડીઓને કોચ ભાર્ગવ આયર દ્વારા માર્ગદર્શન મળ્યું હતું. આગળ પણ આ બધા જ ખેલાડીઓ ખૂબ જ આગળ વધે તેવી શુભકામના પાઠવી હતી.

## પુસ્તક પરબમાં ૩૯૩ પુસ્તકો-સામયિકોનું આદાનપ્રદાન થયું



ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં દર મહિનાના પ્રથમ રવિવારે યોજવામાં આવતી પુસ્તક પરબ પ્રવૃત્તિ આઠમા વર્ષમાં પ્રવેશી છે. એક પણ રૂપિયાના ખર્ચ વગર આ પ્રવૃત્તિ ચાલે છે, જેમાં ગાંધીનગરના શિષ્ટ પુસ્તક વાચનપ્રેમીઓનો ઘણો પ્રોત્સાહક સહયોગ રહેલો છે. માતૃભાષા અભિયાન અંતર્ગત અને આત્મન ફાઉન્ડેશન દ્વારા આ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. સ્વેરછાએ આ પ્રવૃત્તિમાં મિત્રો સહભાગી બની જોડાય છે. એપ્રિલ માસની તા. ૩-૪ ના રોજ બલરામ મંદિરમાં યોજાયેલી પુસ્તક પરબમાં પુસ્તક - સામયિક મળી કુલ - ૩૯૩ પુસ્તકો તથા સામયિકોની આવક - જાવક થઈ હતી.

એપ્રિલ માસની પુસ્તક પરબમાં અંદાજે ૨૦૦ જેટલા મુલાકાતીઓએ પરબની મુલાકાત લીધી હતી, જેમાં બહેનો, વિદ્યાર્થીઓ, યુવાઓ, વડીલો તેમજ ડોકટર અને વકીલોનો સમાવેશ થાય છે. સર્વશ્રી આશાબેન સરવૈયા, રોહિણી પરમાર, રણછોડભાઈ પરમાર , પ્રજ્ઞા પટેલ, તાહિરભાઈ, સમીર શાહ, દિશાંત ગર્ગ, સંજય થોરાત, ગજેન્દ્રસિંહ વાઘેલા, વિષ્ણુસિંહ ચાવડા, એન.પી.થાનકી, રમણભાઈ વાઘેલા વગેરે આ પુસ્તક પરબમાં સહયોગી બન્યા હતા. આ વખતે બાળકો પણ તેમના વાલીઓ સાથે પુસ્તક પરબની મુલાકાતે આવ્યા હતાં. હેપ્પી યુથ કલબ તરફથી મુલાકાતીઓને ચકલીના માળા ભેટ આપવામાં આવ્યા હતા.

# શહેરમાં પાર્કિંગ સુવિધામાં અવ્યવસ્થાથી હાલાકી

## સેકટર-૨૧માં ટુ વ્હીલરના પાર્કીંગમાં ફોર વ્હીલરવાળા વાહનો પાર્ક થતા હાલાકી

ગાંધીનગર, તા.૪

શહેરમાં વધતી જતી વસ્તીના કારણે શહેરમાં ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થવાના કારણે તંત્ર દ્વારા તેની સમસ્યાના નિરાકરણ માટે ટ્રાફિક વ્યવસ્થાઓ કરવામાં આવી છે. જેમાં સેકટર-૨૧ની વાત કરીએ તો દુકાનોની ચારે તરફ ઘણા વર્ષોથી ટ્રાફિક સમસ્યાઓ થઈ રહી હતી તેથી શોપિંગ સેન્ટરના દુકાનદારો દ્વારા ઘણીવાર ફરિયાદો કરવામાં આવતી હતી અને છેવટે તંત્રની આંખ ખુલી અને સેકટર-૨૧માં પાર્કીંગ વ્યવસ્થા ઉભી કરાઈ. જેમાં ટુ વ્હીલર અને ફોર વ્હીલર એમ બે ભાગ પાડવામાં આવેલા છે અને તેના બોર્ડ પણ મૂકવામાં આવ્યા છે. તેમ છતાં વાહનચાલકો દ્વારા ટુ વ્હીલરના પાર્કીંગમાં ફોર વ્હીલર પાર્ક કરવામાં આવી રહ્યા છે અને ફોર વ્હીલરવાળી પાર્કીંગની જગ્યાએ કાગડા ઉડતા જોવા મળી રહ્યા છે. વાહનચાલકો દ્વારા પાર્કીંગ વ્યવસ્થાનો ઉપયોગ નિયમઅનુસાર કરવામાં આવી રહ્યો નથી પાર્કીંગ માટે જે વ્યવસ્થા ઉભી કરાઈ છે તેનો ઉપયોગ વ્યવસ્થિત રીતે થઈ રહ્યો નથી. કારણકે આ વિસ્તારમાં પાર્કીંગના નિયમનું પાલન કરાવી શકે તેવું કોઈ જવાબદાર વ્યકિત મુકવામાં આવ્યું નથી તેથી શહેરીજનો મનફાવે તેમ વાહનો પાર્ક કરી રહ્યા છે. માર્ગોની આસપાસ ફૂટપાથ ઉપર પણ વાહનો પાર્ક કરી મુકાતા ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થઈ જાય છે. ફોર વ્હીલરવાળા પાર્કીંગનો ઉપયોગ યોગ્ય ન થતો હોવાથી ટુ વ્હીલરવાળા પાર્કીંગમાં ભીડનો માહોલ ઉભો થાય છે. રજાના દિવસે સેકકટ-૨૧માં જેમ તેમ વાહનો પાર્ક થતા હોવાથી ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થાય છે.



## જન્મદિને વધામણી



ડો. પ્રદીપ ગગલાણી
પ્રિન્સિપાલ, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ
મો. ૯૮૨૪૨ ૬૬૧૨૧




પ્રતાપસિંહજી સોલંકી
મો. ૯૦૫૪૦ ૭૯૫૧૬



શક્તિસિંહ ઝાલા



જિનલકુમાર શાહ
મો. ૮૮૬૬૧ ૪૩૦૫૪



ધ્રુવિલ એ પટેલ



રૂદ્ર જયેશલાલ બારૈયા
મો. ૯૮૨૫૬ ૦૬૦૬૪



ધ્યાની શ્રેયાંશભાઈ કોઠારી
મો. ૮૧૨૮૧ ૬૨૩૦૧



પરમાર નરોત્તમભાઈ પી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ચૌહાણ કપિલાબેન નટવરલાલ, ઉ.વ. ૬૫, રામપુરા, દેત્રોજ
- સ્વ. દિનેશભાઈ જયંતિભાઈ વ્યાસ, ઉ.વ. ૪૦, રાયસણ
- સ્વ. પરમાર મહોબતસિંહ માનસિંગજી, ઉ.વ. ૬૩, ગલુદણ
- સ્વ. ઠાકોર કનુજી મણાજી, ઉ.વ. ૪૭, પ્રાંતિયા